

[illegible]

વસંત સેના

નાટકના ગાયનો



[illegible]

[illegible]



[illegible]

[illegible]

[illegible]

પ્રકાશક

[illegible]

[illegible]



[illegible]

[illegible]

કિંમત ૦-૧-૦ [illegible]



મુખ્ય પાત્રોના નામ.



ધર્મરાજ..................અંબર દેશના રાજા
વીરકેતુ.................ધર્મરાજનો સેનાપતી
રણમલ..................ધર્મરાજનો સરદાર અને વસંતનો પતી
નવાબ...................અયોધ્યાનો નવાબ
યાકુબખાન...............નવાબનો માનીતો વજીર
કાશીનાથ................નવાબનો પદભ્રષ્ટ દીવાન
મનમથનાથ..............નવાબનો ખુશામતી દીવાન
નરેન્દ્રનાથ..............મનમથનાથનો પુત્ર સાવીત્રીનો પતી
રાઘો જીરાવ.........મરાઠા છત્રપતી
ભાસ્કરરાવ...........રાઘોજીરાવનો સેનાપતિ
વસંતસેના............ધર્મરાજ પુત્રી રણમલની પત્નિ
સુમનદેવી...........વીરકેતુની સ્ત્રી
સાવીત્રી.............નરેન્દ્રની પત્ની
બાપુ હઠીસંગ...........રાજનગરના દરબાર
વખતસંગ...............બાપુના દીવાન
રાધા...................નાટકનો એકટર
મોતી....................એક વિધવા

પ્રજાજનો, પોલીટીકલ એજન્ટ મેમસાબ, નાટકનો માલીક ડાયરેક્ટર, હજુરી, ચોપદાર, વીગેરે વીગેરે.



श्री शान्तीनाथाय नमः

શ્રી "વસંતસેના" નાટકનો ટુંકસાર.

—❀—

અંક પહેલો.

મંગળાચરણ.

પ્રવેશ પહેલો:—અયોધ્યાના નવાબ પોતાના માનીતા સરદાર યાકુબખાન સાથે રાજા ધર્મરાજની પુત્રી વસંતસેના ત્હેના મોસાળથી આવનાર છે ત્હેનો માર્ગ રોકી છાવણી નાંખી પડ્યા છે નવાબના સીપાઈઓની ગમ્મત વસંતસેનાનું આવવું, નવાબની વસંતને પકડવા તૈયારી, સરદાર રણમલથી બચાવ.

પ્રવેશ બીજો:—નવાબ વસંતના તાનમાં ગુલ્તાન, પ્રધાન કાશીનાથનું મોહ છોડવા વીનંતી. નવાબનું ચીડાઈ ત્હેને પદભ્રષ્ટ કરવો યાકુબનું બળતામાં ઘી ઉમેરવું.

પ્રવેશ ત્રીજો:—બાપુ હઠીસંગ તથા દીવાન વખતસંગ. ફરીયાદીઓનું આવવું. ઉંધો ન્યાય. અને ફરીયાદીની બ્હેન મોતી પર આશક. નાટકના માલીકનું આવવું. તથા નાટકનું આમંત્રણ. માનકુંવર, પાનકુંવરનો મુજરો.

પ્રવેશ ચોથો:—મરઠા છત્રપતી રાઘોજી રાવનો માનીતો સેના પતી ભાસ્કરરાવ. વસંતસેનાના તાનમાં ગુલતાન રાજા ધર્મરાજના સેનાપતી. વીરકેતુ સાથે મસલત. અરસ પરસ સ્વાર્થ સાધવા.

પ્રવેશ પાંચમો:—નવો પ્રધાન મન્મથનાથ, ત્હેના ઉન્માદ ભરેલા વીચારો ગમે તે ઉપાયે નવા કરો ઉંઘરાવવાનો નિશ્ચય

સીપાઇએ કર નહી આપનારને હાજર કરવા તેઓના પર અત્યાચાર તેના પુત્ર નરેન્દ્રનુ આવી પહોંચવું, અને પ્રજાજનોનો બચાવ.

પ્રવેશ છઠ્ઠો:—રાજા ધર્મરાજ તથા વીરકેતુ. નવાબે કરેલ વસંતની માગણી સંબંધી વાત ચીત, રણમલ્લની ચોખ્ખી ના યુદ્ધની તૈયારી અને ભાસ્કરની મદદ લેવાનો ઠરાવ.

પ્રવેશ સાતમો:—નાટયસ્થાન, બાપુ વીગેરેનું આવવું, મુર્ખતામાં એક એકટરનું ખુન કરવું, તથા રાધાને ઉપડાવવી નાટકના શેઠની વીમાસણ, પોલીટીકલ એજન્ટ પાસે ફરીયાદી કરવા જવું.

પ્રવેશ આઠમો:—સેનાપતી વીરકેતુ અને ભાસ્કર, કોલકરાર માટે નવાબની છાવણીમાં જવા તૈયારી, વીરકેતુની સ્ત્રી સુમનનું પોતાના પતીને નિમકહલાલ રહેવા સમજાવવું વીરકેતુનો તિરસ્કાર. વિનાશકાળે વીપરીત બુદ્ધિ.

પ્રવેશ નવમો—વિહવલ ધર્મરાજ તથા વસંત, વસંતને ઝેર આપવા તૈયારી રણમલ્લથી બચાવ.

પ્રવેશ દશમો—પદભ્રષ્ટ દીવાન કાશીનાથ તથા પુત્રી સાવીત્રી પુરાણીક રેંટીઆની મહત્તા તૃષાતુર કાશીનાથ માટે સાવીત્રીનો શેરડી પીલવાનો પ્રયત્ન નીરાશા સ્વદેશમાંથી રસકસનો લોપ થયો જાણી કાશીનાથનું કલ્પાંત રેંટીઆમાંથી તૈયાર થયેલ પાટો સાવીત્રીએ વેચવા જવું. નરેન્દ્રનું આવવું તથા દેશભક્તોનો સંવાદ યાકુબ વીગેરેનું ત્હેમને પકડવા નીકળવું સાવીત્રીએ ગભરાટમાં આવી ખબર આપવી યાકુબ તથા મન્મથનો પ્રવેશ સાવીત્રીને સ્વાધીન કરવા કાશીનાથને ફરમાન વિતંડાવાદ યાકુબે ગુસ્સે થઇ કાશીનાથનો વધ કરવો સાવીત્રીને ઉપાડી ચાલ્યા જવું.

અંક બીજો.

પ્રવેશ પહેલો—વસંતસેના તથા રણમલ વિદાયગીરી.

પ્રવેશ બીજો—યાકુબ તથા સાવીત્રી બળાત્કારની તૈયારી નરેન્દ્રથી બચાવ.

પ્રવેશ ત્રીજો—નીદ્રાવશ વીરકેતુ ઉશ્કેરાયલી સુમનનુ પોતાના પતીનું ખુન કરવા આવવું જાગી જવુ વાદવિવાદ વીરકેતુનુ સુમનને મારવા જતું યુદ્ધમાં જવા તેડવા આવતા રણમલથી અચાનક બચાવ.

પ્રવેશ ચોથો—બાપુના પંજામાં ફસાએલ મોની તથા રાધા પરસ્પર ખુલાસો દીવાન વખતસંગનું પ્રેમ કરવા આવવું. રાધાએ વ્હેને બનાવી સ્ત્રીનો પોશાક પહેરાવી નાસી જવું બાપુનું. આવવું ભેદનું ભાંગવું.

પ્રવેશ પાંચમો—દીવાન મન્મથનાથનો પશ્ચાતાપ, નરેન્દ્ર તથા સાવીત્રીનું આવવું. પીતાની પુત્ર તથા પુત્ર વધુંને આશીશ સાથે વિદાયગીરી.


પ્રવેશ છઠ્ઠો—લડાઇ ધર્મરાજની હાર નવાબની જીત વસંત તથા ભાસ્કરનું યુદ્ધ વસંત કેદ

પ્રવેશ સાતમો—નવાબને યાકુબની ઉશકેરણી મન્મથનાથને રાજ્ય ગુન્હેગાર ગણી દેહાત દંડની શિક્ષા વીરકેતુનુ કરાર કબુલ કરાવવા. આવવું. નવાબથી તિરસ્કાર છ છેડાઇ વીરકેતુનું ચાલ્યા જવું. વસંતને મેળવવા. નવાબનો પાકો ઠરાવ.

પ્રવેશ આઠમો—માનકુંવર તથા પાનકુંવરનો મુજરો, બાપુ અને દીવાન, બાપુએ કરેલા ખુન માટે પોલીટીકલ એજંટનું આવવું, પદભ્રષ્ટ કરી વિલાયત જવું. બાપુનો બળાપો વખતસંગે ત્હેનો ત્યાગ કરવો. બાપુએ રાજ્ય પાછું મેળવવા વિલાયત જવું.

પ્રવેશ નવમો—મરાઠા છત્રપતી રાઘોજીરાવનો આશ્રય લેવા નીકળેલ નરેન્દ્ર અને સાવીત્રી વીર રણમલથી મેળાપ ત્રણેનું રાઘોજીરાવ પાસે જવું.

પ્રવેશ દસમો—વીરકેતુ વિહ્વલ અવસ્થામાં રણસંગ્રામમાં વ્હેરની ધુનમાં ગાંડી થએલ સુમનનું વીરકેતુપર વ્હેર લેવા આવવુ ગાંડપણ, પ્રત્યક્ષ વીરકેતુનો મેળાપના ઓળખવું અને ગાંડપણમાં સુમનનું કટાર ખાઈ મરવું, વીરકેતુનો આપઘાત.



અંક ત્રીજો

પ્રવેશ પહેલો—રાઘોજીરાવનો મહેલ, રણમલ નરેન્દ્ર તથા સાવિત્રીનું આવવું. મદદ માટે માંગણી રાઘોજીરાવની લશ્કર સાથે નવાબપર ચઢાઈ લઈ જવા તૈયારી.

પ્રવેશ બીજો—વસંત અને યાકુબને, દારૂની ધુનમાં બેભાન બનાવી વસંતનું પલાયન નવાબનું આવી પહોંચવું. ગુસ્સે થવું, યાકુબને યોગ્ય શીક્ષા. અને નવાબનો પસ્તાવો, યુદ્ધના સમાચાર, નવાબનો યુદ્ધ ન કરતાં સલાહ માટે નિશ્ચય.

પ્રવેશ ત્રીજો—વીલાયતમાં હાઇડપાર્ક, બાપુનું ચીન્તામાં નીકળવું, મામદ જોસીનું આવવું બાપુએ નસીબ રેખાઓ પુછવી, પોલીટીકલ એજન્ટની શોધમાં આવવું, બાપુની સાથે મેળાપ, પોલીટીકલે ત્હેનાપર દયા લાવી ત્હેને રાજ્ય પાછું આપવા હીંદી પ્રધાનને ભલામણ કરવી. બાપુનો આનંદ દેશ તરફ વીદાયગીરી.

પ્રવેશ ચોથો—રણમલનો યાકુબના પંજામાંથી છટકેલ વસંતથી મેળાપ.

પ્રવેશ પાંચમો—રાઘોજીરાવ અને નરેન્દ્ર યુદ્ધ ન કરતાં નવાબ સ્હામા મળવા આવનાર છે એવી ખબર નરેન્દ્ર અને સાવીત્રીનો વીનોદ.

પ્રવેશ છઠો—છાવણી, નાચ, નવાબના હાથે નરેન્દ્ર અને સાવીત્રી તથા રણમલ અને વસંતના લગ્ન રણમલને ધર્મરાજનું રાજ્ય સોંપવું તથા નરેન્દ્રને ત્હેના પીતાની દીવાનગીરી અપાવવી છેવટનો આનંદ..

श्री शान्तीनाथाय नमः

શ્રી વિનય

“વસંતસેના” નાટકનાં ગાયનો.



સભા:— ૧

કર કર કરમ કરીમ હકતાલા, ખુશી દે રબઆલા
જી વાહ વાહ વાહ વાહ—કર.
ખુદાકી શાન હય, મુસાકા બામ હય,
ખુશીકી આન હય, ખુદાકા નામ હય,
જી વાહ વાહ વાહ વાહ—કર.
બાલા જોબનવાપે રીઝો મોરે સૈયાં (૨)
લાગી લગન ભાઇ મગન મગન મય,
જાત્રો બાલમ તુમ હમસે ન બોલો...બાલા,
સૈરી મીત્ર શો ગુન, તાલી મીત્ર અનેક.
જાકો દેખે મન ઠરે સો લાખનમેં એક...બાલા.

વસંત–રણમલ— ૨

મોહન ધન્ય ધન્ય આ ઉપવન ધન્ય.
તન મનના માલીક મળીયા મ્હને,
તીર તીરછી નજરનાં વાગી ગયાં—(૨)
લાલ લટકાળાં રસીલી રીઝાવજો—(૨)
લલના રસીલી વિનય ના વિસારશો, મોહન

પાનકુંવર–માનકુંવર— ૩

સુની પડી સેજલડી એકલડી સચ । પિયા બિના
ધડકત છતીયા મિટેના દીન રે, એક ઘટેના
વિરહ વેદના કઠેના આલી–મોરી અપસા–બિના:—

બાપુ:—હમ ન ભૂલેગે અદાકે તીર અબ થોડે ચલા
મંય હું જહરી સાંપ અગર હય તું ખુબસુરત બના
—ધડકત

નરેન્દ્ર–પ્રજાજનો— ૪

ઝુમી શ્રી ભારતીનો જયકાર
જગતમાં નામ અમર રહેનાર—ઝુમી.
આર્ય માત જે ગારવધારી,
જુગ જુગમાં જય શ્રી વરનારી.
કરવો અસહકાર...આજથી......[૨]—ઝુમી.
સત્યુગ, દ્વાપર ત્રેતા યુગમાં
શ્રેષ્ટ પદે રહી તું કળીયુગમાં.
સત્ય તણા સણગાર સજીને.
જય જયનો ભણકાર—જગાવા—[૨] ઝુમી.

(અંતર નાટક.)

સુત્રધાર— ૫

શ્રી ગણપતી દઇ શુભ મતી.
વિદારજે વિપત્તી,
વિનવે અલ્પમતી......શ્રી ગણપતી.

બાળાઓ— ૬

ભાગ્યશાળી પુરા ભરત નરનાર,
જનની જન્મ ધારી શોધવોએ સાર–(૨)
પૂર્ણ પરિબ્રહ્મ ભજો કૃષ્ણ વારંવાર:–ભાગ્ય.

વસંત— ૭

વ્હારે ધાજોરે વિઠલ વ્હાલા,
શરણે હ્યોને નોધારાના આધાર દીન બાળા–વ્હારે,
તારણ ધારણ અધમ ઉદ્ધારણ છો નંદલાલ:–વ્હારે.
કૌરવ કુળ સંહારીયું, પુરી પાંડવની હામ.
હાથ ધરોને હેતથી, મારા હૃદયના આરામ.
વેગે આવો રણધીર, વ્હાલી સુભદ્રાના વીર–વ્હારે.

વસંત રણમલ— ૮

અકળકળા અવિનાશી કેરી જગમાં શામળા,
ધીરજથી શીર સંકટ સહેવું ડગવું નહિં જરા,
રાખ્યા રહીશું રઘુવીરનાં તાર્યાં તરશું ગીરધરના.
બન્યા ખેલ માટી કેરા માટીમાં તે મળવના,
લલાટે લખાયા લેખો ટાળ્યા નહીં તે ટળવાના.
દુ:ખડા હરનારા શામળા—અકળકળા.

સાવિત્રી–કાશીનાથ— ૯

કુદરત કેરા ક્રમ તણો હરનીશ ચાલે રેંટીયો,
સુત્રો જીવનને સાધનારો, જ્ઞાનરૂપક રેંટીયો,
અસીમ દુ:ખના અંતમાં, આધાર અમારો રેંટીયો,
સુખ શાન્તી સ્થાપક આપણું, ચક્ર સુદર્શન રેંટીયો.–કુદર

સાવિત્રી-કાશીનાથ— ૧૦

ધીરો ધીરો ચાલેરે, મીઠો મીઠો ગાજેરે
રૂડો મારો રેંટીયો હોજી.
એ રેંટીઆમાં દેશોદયના નીકળે તાર
એ તારે તારે બાળુ ભારતનો ઉદ્ધાર
ધીરો ધીરો ચાલેરે—
ત્રાક રૂડી, પંખા રૂડા, ઉજ્જવળ તેનો નાદ
ઉજ્વળ પુણી ઓપતી, ઉજ્વળ માહરા હાથ
દેશે મારા દેશને, ઉજ્વળ ઉજ્વળ સાથ
દુઃખો સહુ હરતોરે અભયપણે ફરતોરે
રૂડો માહરો રેંટિયો—હોજી.

ટેબલો.

—❈—

અંક બીજો.

વસંતસેના— ૧૧

અધીરૂં મ્હારૂં મન અકળાએરે,
કઈ કંઈ થાએ અરે મોહન મ્હાયેરે—અધીરૂં.
પ્યારી રસીલી મુરતી ત્હારી,
કારી કટારી હૃદયે મારી,
અરરર ક્યાં જાઉંરે ? લ્હાવ શું લઉંરે.
દીલમાં ગમગીન તો થઉંરે.

દુઃખ સહુંરે— પ્રીત ચહું રે,
મધુરા ત્હારા ગુણનું ગાયનરે આ જીભ ગાએ અધીરૂં.

[illegible]ાંત રત્નમલ— ૧૨

મ્હારા હૃદય આરામ, શુકન છે જાઓ આમ.
લટકાળા લાલ લગામ,
શાણા શોંપી છે તમને સ્યામ;
અલબેલી રસવેલી સંસાર સાર
પ્રિય તલભર ડર નહીં ધર તુ
ગજાવજો જગનામ—મ્હારા

નરેન્દ્ર–ચાકુબ— ૧૩

ન ડરશો વાટે ને ઘાટે મન મેલડા,
કીકી જાદુભરી તનકુ જાગે હરી
આ અનંગ બાળે અંગ,
બ્હાવરી બનાવી રસઘેલડા
આઘા રહોને અલબેલડા—ન નડશો
ગાલોની લાલી વાહ કયસી નીરાલી
ભાલી ભોળી મુક રકઝક તુ ઠાલી
જાઓ જાઓ દુર જાઓ ન રીબાઓ
ન સતાવો છેલડા આઘા-રહોને અલબેલડા—ન નડશો.

[illegible]ભતસંગ— ૧૪

વ્હાલી માની તો જાઓ, જરી નખરાં બતલાવો
હું તો વારી જાઉં મન તન ધન તમપરે કુરબાન—વ્હાલી.
[illegible] મોતી— આમ અધીરા શું થાઓ, નકામા શાણા સંભાવો.

વખત:—માન માન માનુની કહું છું ભૂલી ગયો ભાન
બન્ને:—નાદાન-હેવાન
જેને છોડી લાજ ન્હેને આખી દુનીઆનું રાજ-હું તો.

આપુ:— ૧૫

મોંધી હવે ન થા, મોની તુ માની જા,
હું પાયે પડું છું ઓ ઓરમાન મા,
વખત:-તું આઘો પાછો થા, આમ પાછળ પડયો કાં,
ઓ હરામી સાંઢડા તું હડી જા:—મોંધી.
આપુ:-શ્રીમતી મંજરી, કાદંબરી
તું મધુબંસરી, નીલમપરી
વખત-પણ હું છું ત્હારો બાપ, તું ગામ આખાનું પાપ.
ઓ બાપના શાપ, ઉટ હવે હદ રાખ:—મોંધી.

મન્મથ-નરેન્દ્ર-સાવીત્રી— ૧૬

આશિષ લઇને જઇએ, પિતાજી પરદેશરેજી, (૨)
વિઘ્નો વિભુ હરો પાળો પરમેશ રેજી,
રહેવું આરામમાં, સંસારમાં છે ક્લેશરેજી-જઇએ,
સાચાને આંચ શાની, ડરવું નહીં લેશ રેજી,
રહેવું સંતોષથી, ના રોષથી આ વેશરેજી જઇએ,

વસંત:— ૧૭

શાને શાને ડરાવો છો નામમાં
આવો ઉભી હું સંગ્રામમાં
હું છું સાચી ક્ષત્રી બાળ

કરૂં પૃથ્વી રસાતાળ
જા! જા! કાલી હરાવે શું હામમાં—આવો૦
ધર્મકાજ ધારી ધાર
દેહ આપવા તૈયાર
કરો વિજય શત્રુ શસ્ત્ર કામમાં—આવો૦

માનકુંવર-પાનકુંવર:— ૧૮

અખીયાં અલસાની જાદુભરી કામણકરી
ખુને જીગરકા મય પીનારી, નજરીયાં કારી કટારી
બાપુ:—મેં ગામને હમજાવ્યું તું, આને ચાળે ચડવું રહેવા દીયો,
આખા ગામનો ઉતાર છે એને મરવા દીયો—મરવા દીયો.
ગાન—પાન—સદા સુહાગન મેં બાલી જોગન
નયે કરનારી—કામણ.

સાવીત્રી-નરેન્દ્ર— ૧૯

ધાર્યું હતું શું મન માંહી, શું શું થઈ ગયું હા અરે.
કીરતારની લીલા કળાતી, ના ભળાતી કંઇ
ખરે.........ધાર્યું૦
ફોગટ ફુલાતો માનવી, નવરીત વિત્ત મહી ફરે
હું હું કરૂં કહી માન લેતો સ્વાર્થ છેવટ શું સરે
ધાર્યું૦
બાંધી મુઠી આવ્યા છીએ, જાવું ઉઘાડા હાથરે
માટે મુકી અભીમાન માનવી માન શું ફુલ્યો ફરે...ધાર્યું

રણમલ નરેન્દ્ર— ૨૦

મયામાં ફસેલા જીવ જાગરે
જીવન વહે છે રે કર ઉદ્ધાર કંઇ

મ્હેલ મંદીર કંઇ કામ ન આવેરે
દીનને તું તારી કર નામરે......માયામાં૦
લક્ષ્મીને લાડી ત્હારા અમર શું કહાવેરે,
કીર્તી ઉજ્વલ કામે કામરે......માયામાં૦
દેહ માટીનો આરે માટીમાં જાયેરે.
રંક રીઝાવ્યાનું તું કામરે......માયામાં૦

ગુણાં:—

૨૧

અરેરે હો શું આફત તુટી,
ફુટી કરમની કયાં જાઈ કો'હું ?
કર કીસ્મત તું કાંઇ દયા તું
કેતુ ધુમ કેતુ, જીવ લઉં હું
ગયો કયાં એ હઠીલો એ
લઈ આવો ત્યાં હું તરસી છું
હું જોઉં આ કટારી આ
અટારી આ ઉભો એ શું
નવ કાંઇ ગમતું, મનડું ભમતું
જ્યાં જઉં ત્યાં દુખીણી થઉં હું
અરે આએ, દહયો આએ
ઉભો રહે હું, જશે કંઇ તું
પીવા હું આ કટારીને
રૂધીર હું ઝ્હેર લઈ હું...
દુઃખ નહીં સમતું તન નહી ખમતું
ઘ્હાવ લાખનો લઇ લઉં......અરેરે.



અંક ત્રીજો.

બધા:— ૨૨

ચાલો જઈને અરીનો કરીશું સંહાર
વિશ્વનાથ ઝાલી હાથ કરશે ભ્હાર......ચાલો०
ચાલો ચાલો વિર મ્હારા
શુરની અગાડી છે નહી બીરૂના ભાર
જય વીર ભુમી જય......ચાલો०

બાપુ:— ૨૩

જમાનો ! જોગો ખરેખર અજબ સુધરેલો.
આ દેશે હીંદમાં વેપાર કરિ પગ પાથરેલો.
ઉંજળું એટલું દુધ બતાવી, વેશ એશ પહેરેલો.
સ્વદેશનુ અભીમાન મુકતાં બન્યો હતું વીફરેલો,
વિલાયતનું વોટર પીતાં, પોટર ઠરેલો,
દેશ તજો પણ વેશ તજો નહિં એ મુજથી શીખીશ્યો કાયદ

વસંત:-રણમલ:— ૨૪

શોખી સલુણાજી, થઈ હું હવે રાજી.
મળી પ્રેમી દારા પાયુજી સાથ.
પ્રભુ સહાયક છે, જગ નાયક,
સાચાનો સાચો એ ઝાલે છે હાથ,

ખરૂ હથીયારદાર શાણા સરદાર.
ધીરજ સંકટમાં ધરના,
સી—ધા—વે—સલુણી નાર,

નરેન્દ્રસાવીત્રી:— ૨૫

ખીલ્યો આ જોબનનો બાગ રસાળ,
વનમાળી ઉડાવો બહાર,
મીઠી મીઠી દાડમની શું ડાર,
શાણા સરદાર એમ પ્રમાણ—ખીલ્યો.
માન સરોવર આ ભર્યું, મોઘા મોતીપાળ,
પ્રેમ હંસ આરોગજો પ્રેમ લઈ સંભાળ,
એક ઉગ્યાં કમળ ઉપજાવે વ્હાલ
વીણ ભોગી ભ્રમર તે બન્યા છે બે હાલ—ખીલ્યો૦

ગત ટેબ્લો.

આનંદ! આનંદ! આનંદ!

સમાપ્ત

